# સ્ત્રી સાહિત્ય અને શિક્ષણ

પ્રો. સોનલ આર સોલંકી
તોલાણી ઇન્સ્ટીટયુટ ઓફ કોમર્સ,દાદા દુખાયલ કોલેજ ઓફ એજ્યુકેશન–આદિપુર

**પ્રસ્તાવના** :

બદલાતા સમયની સાથે શિક્ષણ મનુષ્યના કલ્યાણ માટે આવશ્યક બાબત બની ગઈ છે. શિક્ષણ એ માનવ સુખાકારી માટે મહત્વનુ પાસું માનવામાં આવે છે શિક્ષિત સમાજ સંસ્કારી સમાજ બની શકે માટે શિક્ષણ મેળવવું એક મહત્વનુ પાસું છે. મધ્યકાળ માં સ્ત્રીઓ ને શિક્ષણથી વંચિત રાખવામાં આવતી હતી. તેનાથી સ્ત્રીનું જીવન પાંગળું બની ગયું હતું. તેને સારા – નરસાનો ભેદ, સાચી સમજ વિષે ખ્યાલ ન હતો પરંતુ શિક્ષણ મેળવવાનો એક અધિકાર મેળવ્યો અને સ્ત્રી પણ શિક્ષણ મેળવતી થઇ , સ્ત્રીના જીવનમાં પણ શિક્ષણનું મહત્વ લોકોએ સમજ્યું અને સ્ત્રીઓને શિક્ષણ મેળવવા સ્વતંત્રતા આપી. શિક્ષણની સાથે વિસ્તરતા વિચારો પણ લેખનકાર્યમાં કુશળ બનવા લાગી. જેના પરિણામે નવરચનાઓ , સાહિત્ય, લેખનમાં પણ સ્ત્રીઓ આગળ આવી છે . તેમજ પૌરાણિક કાળથી રચાયેલ સાહિત્ય અને પરંપરાગત પુસ્તકો દ્વારા સ્ત્રીઓ પણ નવી નવી બાબતોનું જ્ઞાન મેળવતી થઇ છે . લોકોની જ્ઞાનાત્મક શૈલી નો વિકાસ થયો છે અને જ્ઞાનમાં પણ વૃદ્ધિ થઇ છે.

**હેતુઓ** :

- સાહિત્યનાં કારણે મળતી માહિતી ઉપયોગી છે તે જાણવા માટે
- સાહિત્ય દ્વારા સ્ત્રીઓના વિચારો વિસ્તરે છે કે નહિ તે જાણવું.
- સાહિત્ય ના કારણે સ્ત્રીઓ જીવનમાં આવેલ પરિવર્તન જાણવા માટે
- સાહિત્ય ના કારણે સમગ્ર સમાજને આદર્શ બનાવવા સ્ત્રીઓની મહત્વની છે તે સમજવા માટે
- સાહિત્ય દ્વારા વ્યક્તિવિકાસ થઇ શકે છે તે જાણવા

**સ્ત્રીઓ અને સાહિત્ય**


સ્ત્રીઓની વિચાર શૈલીને વિસ્તૃત બનાવવા તેમજ તેના જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરવા માટે સાહિત્ય નું મહત્વનું યોગદાન રહેલું છે. સાહિત્ય દ્વારા નવું જ્ઞાન પ્રાપ્ય બને તેમજ વિચારમાં પણ સમૃદ્ધિ આવે છે. તેમજ વિચારમાં પણ સમૃદ્ધિ આવે છે. જેના કારણે સાહિત્ય જીવન ઉપયોગી અને જીવનમાં મહત્વનું સાબિત થાય છે.



**સ્ત્રીઓ માટે સાહિત્યની ઉપયોગીતા**

**૧. વિચારોમાં અને ખ્યાલમાં વૃદ્ધિ કરવા માટે :**

સાહિત્ય દ્વારા નવા વિચારો અને ખ્યાલોનો વિકાસ થાય છે જેના કારણે નવા વિચારોથી હકારાત્મક ઊર્જા પ્રાપ્ત થઇ છે. અપૂરતા અને ખોટા ખ્યાલોને પણ દુર કરી શકાય છે. સાહિત્યનાં કારણે નવી બાબતો સમજાય જાય તેમજ વિચારોમાં વૃદ્ધિ પણ થાય જેના કારણો ખોટી માન્યતા, અંધશ્રદ્ધા પણ દૂર કરી શકાય છે, અને સાહિત્ય દ્વારા વિચારોમાં પણ પરિવર્તન લાવી શકાય છે




. ૨. **જ્ઞાન પૂરું પાડવા માટે :**

સાહિત્યના કારણે નવુ  જ્ઞાન પ્રાપ્ત થાય છે તેમજ જ્ઞાનમાં વૃદ્ધિ પણ થાય છે. સાહિત્ય દ્વારા વ્યક્તિને જ્ઞાન પૂરું પડી શકાય છેઅને તેનામાં રહેલી ખામીઓ, ત્રુટીને દૂર કરી શકાય છે. જેને પુરતી માહિતી નથી. અથવા અપ્રાપ્ય માહિતીને લોકો સુધી પહીચડી શકાય છે.  અને તેના જ્ઞાનમાં વધારો પણ કરી શકાય છે અને લોકોને માહિતીની વંચિતતા હોય તે પણ દૂર કરી શકાય છે. સાહિત્ય દ્વારા આપણી કળા, સંસ્કૃતિ, વારસાગત બાબતોની પણ જાળવણી કરી તેના વિશે પણ સૌને માહિતગાર કરી શકાય છે, આમ જ્ઞાનની વૃદ્ધિ કરવામાં સાહિત્ય અગત્યનું છે.

૩. **આદર્શ સમાજ નિર્માણના સંદર્ભમાં :**

સાહિત્ય દ્વારા સભ્ય સમાજનું નિર્માણ થઇ શકે છે. સાહિત્યનાં કારણે મનુષ્યના વિચારોમાં નિશ્ચિતતા આદર્શ સમાજનું સિંચન થાય છે અને તેના દ્વારા વ્યક્તિ આદર્શ બને છે. વ્યક્તિની સભ્યતાસમાજ નિર્માણ માં અગત્યનો ભાગ ભજવે છે. મનુષ્ય સમાજનો એક ભાગ છે. તેથી વ્યક્તિના આદર્શ એક સભ્ય સમાજનું નિર્માણ કરી શકે છે. અને તેના દ્વારા સાહિત્યની ઉપયોગીતા અહી વ્યવહારુ થતી જોવા મળે છે.



૪. **વ્યક્તિક વિકાસ માટે**

શિક્ષણ અને સાહિત્ય દ્વારા વ્યક્તિ ના વ્યક્તિત્વનો પણ વિકાસ થઇ શકે છે. અને વ્યક્તિના વ્યક્તિત્વ માટે જરૂરી શિક્ષણ જ્ઞાન , માહિતી પણ સાહિત્ય દ્વારા પુરા પાડવામાં આવે છે અને જેનાથી વ્યક્તિમાં ગુણ, મૂલ્યોનો પણ વિકાસ થાય છે, વ્યક્તિત્વ ને ખીલવે તેવા જરૂરી , મુક્લ્યવાન ગુણ વ્યક્તિના જીવનમાં મહત્વના છે, જેના આધારે વ્યક્તિમાં ઘણી બાબતો સારી છે. તે પણ જાની શકાય છે આ રીતે સાહિત્ય વ્યક્તિ વિકાસ માટે નું મહત્વનું કાર્ય કરે છે.

૫. **વિષય ઉપયોગી માહિતી પ્રાપ્ત કરવા માટે :**

વિષય ઉપયોગી માહિતી પ્રાપ્ત કરવા માટે સાહિત્ય તેમજ શિક્ષણ મહત્વનું કામ કરે છે, જે વિષયનું જ્ઞાન કે માહિતી મેળવવા છે તે વિષય ની માહિતી વ્યક્તિ ને પ્રાપ્ત થઇ શકે છે અને વિષય માટે જરૂરી અને મહત્વની હોય તે માહિતી વિષયનાં સાહિત્યમાંથી પ્રાપ્ત થઇ શકે છે, અને વિષય માં વ્યકિતને માહિતી નથી તેવી બાબત વિશે પણ માહિતી મળી શકે છે.



૬. **જીવનને સરળ બનાવવા :**

જીવનને સરળ બનાવવા માટે વ્યક્તિને સાહિત્ય અત્યંત

મહત્વનું છે. તેમજ વ્યક્તિને સરળજીવન જીવવા અને વ્યક્તિનાં મુલ્યોને વિકસાવવા માટે સાહિત્ય અત્યંત મહત્વનું વ્યક્તિના જીવન ઉપયોગી બાબતો સાહિત્યનાં આધારે જાની શકાય છે અને જેના આધારે વ્યક્તિનું જીવન સરળ અને આદર્શ બને છે .

**૭. માનવીના જીવન ઘડતર માટે** :

માનવીનાં જીવન ઘડતર માટે સાહિત્ય ઉત્તમ કાર્ય કરે છે, મનુષ્ય ને મનુષ્ય બનાવવાનું કામ શિક્ષણ અને સાહિત્ય કરે છે, માનવીનાં મુલ્ય, વિચારો, જીવન ઉપયોગી બાબતો જે માનવીનાં જીવનમાં પાયારૂપ બાબતો હોય છે. તે બાબતો ને સાહિત્ય પુરી પાડે છે. આ રીતે સાહિત્ય માનવીનાં જીવનને એક નવી દિશા દર્શાવે છે અને આ નવો માર્ગ જીવનનુ ઘડતર કરે છે. માનવીને વિનમ્ર, વિનયી, ઉદાત આદર્શ જેવા ગુણ પણ સાહિત્ય માંથી મળે છે. આમ સાહિત્ય જીવનનું ઘડતર કરે છે.

**સમાપન** :

આમ સાહિત્ય અને શિક્ષણ મનુષ્ય ના જીવનમાં ઉમદા ભૂમિકા ભજવે છે. સાહિત્યનાં આધારે વૈયક્તિ ગુણ વિકાસ થાય છે અને માનવીનાં જીવનમાં ઉપયોગી બાબતનું જ્ઞાન પણ પ્રાપ્ત થાય છે. જે જીવનને સરળ બનાવે છે. મનુષ્ય ના જીવનમાં શિક્ષણ અને સાહિત્ય જ્ઞાનના વિસ્તાર કરે છે, જેના કારણે એક સભ્ય સમાજનું નિર્માણ શક્ય બને છે. આ દ્રષ્ટીએ શિક્ષણ અને સાહિત્ય મનુષ્યનાં જીવનમાં તેમજ સમાજ નિર્માણમાં મહત્વનું કામ કરે છે, આ દ્રષ્ટીએ શિક્ષણ અને સાહિત્ય વ્યવહારિક બને છે, જેની ઉપયોગીતા મનુષ્યનાં રોજીંદા જીવનમાં પડે છે.

સંદર્ભ :

1. ભવરલાલ ગર્ગ (૨૦૦૫)સામાજિક વિજ્ઞાન શિક્ષણ
2. દેવેન્દ્ર ધ્રુવ (નીરવપ્રકાશન) ૨૦ મી સદી નું વિશ્વ
3. ગોવર્ધનરામ ત્રિપાઠી ,સરસ્વતી ચંદ્ર,(બૃહદસંક્ષેપ)
4. ડો. જયા શર્મા , જાતીયતા, શાળા અને સમાજ(વિનોદ પુસ્તક મંદિર,આગ્રા)
5. જીતેન્દ્ર લોઢા ,સ્થિતિ એક તથ્યાત્મક પડતાલ
6. ભારતમાં શૈક્ષણિક પ્રણાલી નો વિકાસ (નીરવ)